# Gujarat Common Admission Services (GCAS)
## Education Department, Government of Gujarat

# પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૬–૨૭નું શિડ્યુલ

## Steps to be followed by the Students for Admission in PG (Regular including PG Diploma) Programs, B.Ed., M.Ed., LL.B., and LL.M.

### અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં

For affiliated and constituent colleges / Department of all Universities associated with GCAS

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન રાઉન્ડ–૧ | તા.૧૫.૦૬.૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૨૯.૦૫.૨૦૨૬ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૧૫ | 1. ક્વિક રજિસ્ટ્રેશન કરવું.<br>2. રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયના પ્રેફરન્સ (અગ્રતાક્રમ) પસંદ કરવા, ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવા.<br>3. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| | **પ્રવેશનો મોક રાઉન્ડ** | | | |
| ૨ | કામચલાઉ મેરીટ યાદી સાથે મોક રાઉન્ડ | તા.૩૦.૦૬.૨૦૨૬ થી તા.૦૩.૦૭.૨૦૨૬ | ૦૪ | *(મોક રાઉન્ડ દરમિયાન, યુનિવર્સિટી–કોલેજો મેરીટ યાદી તૈયાર કરશે અને ત્યારબાદ પ્રવેશના પ્રસ્થાપિત નિયમો અનુસાર કામચલાઉ (Provisional) પ્રવેશ ઓફર આપશે. આ મોક ઓફર્સ વિદ્યાર્થીઓને તેમના લોગ–ઈન ડેશબોર્ડ પર ઓફર આપ્યાની તારીખના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકેથી જોવા મળશે.)*<br>**ખાસ નોંધ:** આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ ઉમેદવારોને તેમના મેરીટ રેન્ક અને કેટેગરીની વિગતો ચકાસવાની તક આપવાનો છે. જો કોઈ વિસંગતતા/ભૂલ જણાય, તો વિદ્યાર્થીઓ પ્રવેશના રાઉન્ડ–૧ની ટેકનિકલ પ્રોસેસના દિવસો પહેલા તેમની ઓનલાઈન અરજીમાં સુધારો કરી શકે છે. વધુમાં, મોક રાઉન્ડ વિદ્યાર્થીઓને તેમની વર્તમાન પસંદગીઓના આધારે પ્રવેશ મળવાની અંદાજિત સંભાવના દર્શાવે છે. આ કામચલાઉ પરિણામો અને કટ–ઓફનું વિશ્લેષણ કરીને, ઉમેદવારોને પ્રવેશના રાઉન્ડ–૧ની પ્રવેશ |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | ઓફર પહેલા તેમની કોલેજની પસંદગીઓ (Preferences) ઉમેરવા, સુધારવા અથવા તેના ક્રમમાં ફેરફાર કરવાની તક આપવામાં આવે છે. |
| ૩ | મોક રાઉન્ડને આધારે અરજી એડીટ અને પ્રેફરન્સ ચેન્જ | તા.૦૪.૦૭.૨૦૨૬ થી તા.૦૬.૦૭.૨૦૨૬ | ૦૨* | મોક રાઉન્ડ પૂર્ણ થયા બાદ, પોર્ટલ પર વિદ્યાર્થીઓને તેમની અરજીમાં સુધારો કરવા માટે કામચલાઉ વિન્ડો ખોલવામાં આવશે. તેમના મોક ફાળવણીના પરિણામોના આધારે, તેમણે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે:<br>• **ભૂલો સુધારવી:** જો તમને મોક રાઉન્ડ દરમિયાન તમારા ફાળવેલ મેરીટ રેન્ક, માર્ક્સ, CGPA અથવા અનામત કેટેગરીમાં કોઈ વિસંગતતા જણાય, તો તાત્કાલિક તે વિગતો સુધારવા માટે આ વિન્ડોનો ઉપયોગ કરી ફોર્મ એડિટ કરો.<br>• **પ્રવેશની શક્યતાઓનું વિશ્લેષણ:** સીટ મેળવવાની તમારી વાસ્તવિક શક્યતાઓનું મૂલ્યાંકન કરવા માટે તમારી પસંદગીની કોલેજોના મોક કટ-ઓફની સમીક્ષા કરો.<br>• **પસંદગીઓ (Preferences)માં વ્યુહાત્મક ફેરફાર:** જો તમને તમારી ઈચ્છિત કોલેજમાં મોક ફાળવણી ન મળી હોય, તો વાસ્તવિક પ્રવેશ રાઉન્ડમાં તમારી શક્યતાઓ વધારવા માટે આ તકનો ઉપયોગ કરી નવી કોલેજોની પસંદગી ઉમેરો, બિનવાસ્તવિક પસંદગીઓ દૂર કરો અથવા તમારા પસંદગીના ક્રમ (Preference list) માં ફેરફાર કરો.<br>• **ફાઈનલ લોક અને સબમિટ:** એકવાર તમામ સુધારાઓ અને પસંદગીના ફેરફારો થઈ ગયા પછી, તમારે અંતિમ સમયમર્યાદા પહેલા તમારું ફોર્મ સેવ કરીને ફાઈનલી સબમિટ કરવું ફરજિયાત છે.<br>**ખાસ નોંધ:** જો કોઈ સુધારા કરવામાં ન આવે, તો અંતિમ ફાળવણી માટે તમારી અગાઉની વિગતો અને પસંદગીઓ આપોઆપ ધ્યાને લેવામાં આવશે. |
| | **પ્રવેશનો રાઉન્ડ – ૧** | | | |
| ૪ | ટેકનિકલ પ્રોસેસ & પ્રવેશ ઓફર-૧ | તા. ૦૭.૦૭.૨૦૨૬ થી તા. ૦૯.૦૭.૨૦૨૬ | ૦૩ | *(યુનિવર્સિટી-કોલેજો આ સમયગાળા દરમિયાન મોક રાઉન્ડ બાદની સ્થિતિ મુજબ મેરીટ બનાવીને તેની ચકાસણી કરશે તથા વિદ્યાર્થીઓને પ્રવેશના નિયમાનુસાર પ્રવેશની ઓફર આપશે. યુનિવર્સિટી-કોલેજો દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર વિદ્યાર્થીને ઓફર* |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | *આપ્યાની તારીખના રોજ રાતે ૧૨.૦૦ કલાકેથી પોર્ટલ પર તેમના લોગ–ઈનમાં ડેશબોર્ડ પર જોવા મળશે.)* |
| ૫ | પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ–૧ | તા. ૧૦.૦૭.૨૦૨૬ થી તા. ૧૩.૦૭.૨૦૨૬ | ૦૪ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ–ઈન કરી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર કન્ફર્મ કરવી.<br>**3. વધુમાં, જે વિદ્યાર્થીને તેને મળેલ પ્રેફરન્સની કોલેજ કરતા ઉપરના પ્રેફરન્સની કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો તેના માટે પોર્ટલ પર ઓનલાઈન કન્સેન્ટ આપવાની રહેશે.**<br>4. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત **યુનિવર્સિટી–કોલેજ ખાતે તેમના કામકાજના સમય દરમિયાન** તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવું.<br>5. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| | **પ્રવેશનો રાઉન્ડ – ૨** | | | |
| ૬ | રજિસ્ટ્રેશન રાઉન્ડ–૨ | તા.૦૧.૦૭.૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૧૪.૦૭.૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૧૪ | જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન રાઉન્ડ–૧માં ઓનલાઈન અરજી સબમિટ ન કરી હોય તે તેમની અરજી આ સમયગાળામાં સબમિટ કરી શકશે.<br>1. ક્વિક રજિસ્ટ્રેશન કરવું.<br>2. રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>3. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| ૭ | અરજી એડીટ અને પ્રેફરન્સ ચેન્જ રાઉન્ડ–૧ | તા.૧૫.૦૭.૨૦૨૬ સવારે ૧૦.૦૦ કલાક થી તા.૧૫.૦૭.૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૦૧ | જે વિદ્યાર્થીઓએ અગાઉના રજિસ્ટ્રેશન રાઉન્ડ્સમાં તેમની અરજી સબમિટ કરી છે પરંતુ અરજી એડિટ કરવી હોય કે તેમણે આપેલ પ્રેફરન્સ ચેન્જ કરવા હોય તો નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.<br>(A) પ્રવેશ રાઉન્ડ–૧માં કોઈ કોલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય તો સૌ પ્રથમ પ્રવેશ કેન્સલ કરીને ત્યારબાદ અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે. |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | (B) પ્રવેશ રાઉન્ડ–૧માં કોઈ કોલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ હોય તો પોર્ટલ પર લોગ–ઈન કરીને વિદ્યાર્થી તેની અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>**ખાસ નોંધ:** વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલા પણ એડિટ/પ્રેફરન્સ ચેન્જ કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. |
| ૮ | ટેકનિકલ પ્રોસેસ & પ્રવેશ ઓફર–૨ | તા. ૧૬.૦૭.૨૦૨૬ થી તા. ૧૭.૦૬.૨૦૨૬ | ૦૨ | *(યુનિવર્સિટી–કોલેજો આ સમયગાળા દરમિયાન મેરીટ બનાવીને તેની ચકાસણી કરશે તથા વિદ્યાર્થીઓને પ્રવેશના નિયમાનુસાર પ્રવેશની ઓફર આપશે. યુનિવર્સિટી–કોલેજો દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર વિદ્યાર્થીને ઓફર આપ્યાની તારીખના રોજ રાતે ૧૨.૦૦ કલાકેથી પોર્ટલ પર તેમના લોગ–ઈનમાં ડેશબોર્ડ પર જોવા મળશે.)*<br>**ખાસ નોંધ:** રજિસ્ટ્રેશન રાઉન્ડ–૧માં પ્રવેશ કન્ફર્મ કરાવીને અપગ્રેડનો ઓપ્શન સ્વીકારેલ/પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ/ઓફર ન મળેલ વિદ્યાર્થીઓ (અગાઉ ઓફર મળેલ અને નિષ્ક્રિય થયેલ પ્રેફરન્સ સિવાયના) તથા રજિસ્ટ્રેશન રાઉન્ડ–૨માં નવી અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓને પ્રવેશના રાઉન્ડ–૨ દરમિયાન પ્રવેશ માટે યુનિવર્સિટી–કોલેજ દ્વારા ધ્યાને લેવામાં આવશે. આથી મેરીટ કટ–ઓફ પ્રવેશના રાઉન્ડ–૧ કરતાં આગળ/ઊંચા પણ જઈ શકે છે જેની ખાસ નોંધ લેવી. |
| ૯ | પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ–૨ | તા. ૧૮.૦૭.૨૦૨૬ થી તા. ૨૧.૦૭.૨૦૨૬ | ૦૩ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ–ઈન કરી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર કન્ફર્મ કરવી.<br>**3. વધુમાં, જે વિદ્યાર્થીને તેને મળેલ પ્રેફરન્સની કોલેજ કરતા ઉપરના પ્રેફરન્સની કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો તેના માટે પોર્ટલ પર ઓનલાઈન કન્સેન્ટ આપવાની રહેશે.**<br>4. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત **યુનિવર્સિટી–કોલેજ ખાતે તેમના કામકાજના સમય** |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | **દરમિયાન** તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવું.<br>5. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| | **પ્રવેશનો રાઉન્ડ – ૩** | | | |
| ૧૦ | રજિસ્ટ્રેશન રાઉન્ડ–૩ | તા.૧૬.૦૭.૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તા.૨૧.૦૭.૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૦૬ | જે વિદ્યાર્થીઓએ અગાઉના રજિસ્ટ્રેશન રાઉન્ડમાં ઓનલાઈન અરજી સબમિટ ન કરી હોય તે તેમની અરજી આ સમયગાળામાં સબમિટ કરી શકશે.<br>1. ક્વિક રજિસ્ટ્રેશન કરવું.<br>2. રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>3. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| ૧૧ | અરજી એડીટ અને પ્રેફરન્સ ચેન્જ રાઉન્ડ–૨ | તા.૨૨.૦૭.૨૦૨૬ સવારે ૧૦.૦૦ કલાક થી તા.૨૨.૦૭.૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૦૧ | જે વિદ્યાર્થીઓએ અગાઉના રજિસ્ટ્રેશન રાઉન્ડ્સમાં તેમની અરજી સબમિટ કરી છે પરંતુ અરજી એડિટ કરવી હોય કે તેમણે આપેલ પ્રેફરન્સ ચેન્જ કરવા હોય તો નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.<br>(A) અગાઉના પ્રવેશ રાઉન્ડ્સમાં કોઈ કોલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય તો સૌ પ્રથમ પ્રવેશ કેન્સલ કરીને ત્યારબાદ અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>(B) અગાઉના પ્રવેશ રાઉન્ડ્સમાં કોઈ કોલેજ/યુનિવર્સિટીમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ હોય તો પોર્ટલ પર લોગ–ઇન કરીને વિદ્યાર્થી તેની અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>**ખાસ નોંધ:** વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલા પણ એડિટ/પ્રેફરન્સ ચેન્જ કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. |
| ૧૨ | ટેકનિકલ પ્રોસેસ & પ્રવેશ ઓફર–૩ | તા. ૨૩.૦૭.૨૦૨૬ થી તા. ૨૪.૦૭.૨૦૨૬ | ૦૨ | *(યુનિવર્સિટી–કોલેજો આ સમયગાળા દરમિયાન મેરીટ બનાવીને તેની ચકાસણી કરશે તથા વિદ્યાર્થીઓને પ્રવેશના નિયમાનુસાર પ્રવેશની ઓફર આપશે. યુનિવર્સિટી–કોલેજો દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર વિદ્યાર્થીને ઓફર આપ્યાની તારીખના રોજ રાતે ૧૨.૦૦ કલાકેથી પોર્ટલ પર તેમના લોગ–ઇનમાં ડેશબોર્ડ પર જોવા મળશે.)* |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | **ખાસ નોંધ:** રજિસ્ટ્રેશનના અગાઉના રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવીને અપગ્રેડનો ઓપ્શન સ્વીકારેલ/પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ/ઓફર ન મળેલ વિદ્યાર્થીઓ (અગાઉ ઓફર મળેલ અને નિષ્ક્રિય થયેલ પ્રેફરન્સ સિવાયના) તથા રજિસ્ટ્રેશન રાઉન્ડ–૩માં નવી અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓને પ્રવેશના રાઉન્ડ–૩ દરમિયાન પ્રવેશ માટે યુનિવર્સિટી–કોલેજ દ્વારા ધ્યાને લેવામાં આવશે. આથી મેરીટ કટ–ઓફ પ્રવેશના અગાઉના રાઉન્ડ કરતાં આગળ/ઊંચા પણ જઈ શકે છે જેની ખાસ નોંધ લેવી. |
| ૧૩ | પ્રવેશ કન્ફર્મેશન & કન્સેન્ટ–૩ | તા. ૨૫.૦૭.૨૦૨૬ થી તા. ૨૮.૦૭.૨૦૨૬ | ૦૪ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ–ઈન કરી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર કન્ફર્મ કરવી.<br>**3. વધુમાં, જે વિદ્યાર્થીને તેને મળેલ પ્રેફરન્સની કોલેજ કરતા ઉપરના પ્રેફરન્સની કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો તેના માટે પોર્ટલ પર ઓનલાઈન કન્સેન્ટ આપવાની રહેશે.**<br>4. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત **યુનિવર્સિટી–કોલેજ ખાતે તેમના કામકાજના સમય દરમિયાન** તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>5. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |

* તા.૨૧.૦૬.૨૦૨૬, તા.૨૮.૦૬.૨૦૨૬, તા.૦૫.૦૭.૨૦૨૬, તા.૧૨.૦૭.૨૦૨૬, તા.૧૯.૦૭.૨૦૨૬, તા.૨૬.૦૭.૨૦૨૬ – રવિવાર

**નોંધ:**

1. શિડ્યુલમાં દર્શાવેલ ટેકનિકલ પ્રોસેસ & પ્રવેશ ઓફરના દિવસોએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને તેના યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયના પ્રેફરન્સ મુજબ તથા સંબંધિત યુનિવર્સિટી–કોલેજના એલિજિબિલિટી, મેરીટ, ટાઈ–બ્રેકર અને પ્રવેશના અન્ય નિયમોને આધારે પ્રવેશ ઓફર કરવામાં આવશે. વિદ્યાર્થીને સંબંધિત યુનિવર્સિટી–કોલેજો દ્વારા આપવામાં આવેલ પ્રવેશની તમામ ઓફર્સ એક સાથે વિદ્યાર્થીઓના લોગ–ઈનમાં ટેકનિકલ પ્રોસેસ & પ્રવેશ ઓફરના રોજ રાતે ૧૨.૦૦ કલાકથી જોવા મળશે.
2. સંબંધિત યુનિવર્સિટી–કોલેજ તેમના એલિજિબિલિટી, મેરીટ, ટાઈ–બ્રેકર અને પ્રવેશના અન્ય નિયમોને આધારે વિદ્યાર્થીને તેમણે આપેલ તમામ પ્રેફરન્સમાંથી પ્રવેશ ઓફર કરશે. વિદ્યાર્થીને સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવતા પ્રવેશ ઓફરમાં GCAS પોર્ટલની કોઈ ભૂમિકા નથી. વિદ્યાર્થીએ તેમાંથી તેમને પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં તેમનો પ્રવેશ કન્ફર્મ કરી શકશે. વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવાની ખાસ બાબતો નીચે મુજબ છે:

a. વિદ્યાર્થીએ તેમને મળેલ તમામ ઓફર પૈકી તેમની પસંદગીની જે યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં તેમનો પ્રવેશ કન્ફર્મ કરશે તે પ્રેફરન્સ નંબરની નીચેની તમામ કોલેજો આગામી રાઉન્ડ્સમાં ડિએક્ટિવેટ થઇ જશે.

b. વિદ્યાર્થીએ આગામી રાઉન્ડ્સમાં તેને મળેલ પ્રેફરન્સ નંબરની ઉપરની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં તમામ પસંદગીઓ માંથી પ્રવેશની ઓફર મેળવવા માટે **"કન્સેન્ટ"** આપવી અનિવાર્ય છે. નહીં તો વિદ્યાર્થીને આગામી રાઉન્ડ્સમાં તેની હાયર પ્રેફરન્સ નંબરવાળી યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાંથી પ્રવેશની ઓફર મળશે નહિ.

c. વિદ્યાર્થીએ કોઈ રાઉન્ડમાં તેને મળેલ કોઈ ઓફરમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવે તે કિસ્સામાં તેને મળેલ ઓફર તેમજ તેની નીચેના પ્રેફરન્સની તમામ પ્રેફરન્સ ડિએક્ટિવેટ થઇ જશે. પરંતુ આ વિદ્યાર્થીને આગામી રાઉન્ડમાં તેમની હાયર પ્રેફરન્સ નંબરવાળી યુનિવર્સિટી–કોલેજમાંથી પ્રવેશની ઓફર માટે નિયમાનુસાર રહેશે.

d. અહીં મેરીટ, અગ્રતાક્રમ (Preferences) અને કન્સેન્ટ (Consent)ની પ્રક્રિયાને સ્પષ્ટ કરવા માટેના ઉદાહરણો નીચે આપેલા છે. આ ઉદાહરણોનો ઉપયોગ માર્ગદર્શન માટે કરી શકાશે:

   i. ધારો કે કોઈ વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર અરજી કરી છે અને નીચે મુજબ પોતાના અગ્રતાક્રમ (Preferences) દર્શાવ્યા છે:

      ૧. *અગ્રતાક્રમ ૧:* એમ.એસસી. (ફિઝિક્સ) – કોલેજ A (પ્રથમ પસંદગી)
      ૨. *અગ્રતાક્રમ ૨:* એમ.એસસી. (ફિઝિક્સ) – કોલેજ B
      ૩. *અગ્રતાક્રમ ૩:* એમ.એસસી. (કેમિસ્ટ્રી) – કોલેજ A
      ૪. *અગ્રતાક્રમ ૪:* એમ.એસસી. (કેમિસ્ટ્રી) – કોલેજ B
      ૫. *અગ્રતાક્રમ ૫:* એમ.એસસી. (મેથેમેટિક્સ) – કોલેજ A
      ૬. *અગ્રતાક્રમ ૬:* એમ.એસસી. (મેથેમેટિક્સ) – કોલેજ B

---

**સ્થિતિ ૧: વિદ્યાર્થી પ્રવેશ સુનિશ્ચિત કરે છે અને ઉપરના ક્રમ માટે સંમતિ (Consent) આપે છે.**

   ii. **રાઉન્ડ ૧નું પરિણામ:** વિદ્યાર્થીને **અગ્રતાક્રમ ૩** અને **અગ્રતાક્રમ ૪** પર પ્રવેશ ઓફર થાય છે.

      1. વિદ્યાર્થી અગ્રતાક્રમ ૩ (એમ.એસસી. કેમિસ્ટ્રી, કોલેજ A) ખાતે પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરવાનું નક્કી કરે છે. તે પોર્ટલ પર લોગ–ઈન કરી, OTP દ્વારા કન્ફર્મ કરી સંબંધિત કોલેજની મુલાકાત કરી ડોક્યુમેન્ટ્સ વેરીફાઈ કરાવી નિર્ધારિત ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરે છે. સાથે જ, તે આગામી રાઉન્ડમાં ઉપરના હાયર પ્રેફરન્સ માટે "**Consent**" **(સંમતિ)** બટન પર ક્લિક કરે છે.
      2. વિદ્યાર્થી માટે અગ્રતાક્રમ ૪, ૫ અને ૬ની પસંદગી કાયમી ધોરણે **નિષ્ક્રિય (Deactivated)** થઈ જશે.
      3. તેણે "Consent" આપેલ હોવાથી, આગામી રાઉન્ડમાં સિસ્ટમ તેને અગ્રતાક્રમ ૧ અને ૨ માટે મેરીટ મુજબ ધ્યાને લેશે. જો તેને રાઉન્ડ ૨માં અગ્રતાક્રમ ૧ ફાળવવામાં આવે, તો અગ્રતાક્રમ ૩ પરનો તેનો જૂનો પ્રવેશ પોર્ટલ પર OTP દ્વારા કન્ફર્મ કરી કેન્સલ કરવાનો રહેશે અને ત્યારબાદ અગ્રતાક્રમ ૧માં મળેલ પ્રવેશની ઓફર કોલેજ ખાતે રૂબરૂ જઈને OTP દ્વારા કન્ફર્મ કરી શકશે.

---

**સ્થિતિ ૨: વિદ્યાર્થી પ્રવેશ સુનિશ્ચિત કરે છે પરંતુ સંમતિ (Consent) આપવાનું ભૂલી જાય છે.**

   iii. **રાઉન્ડ ૧ નું પરિણામ:** વિદ્યાર્થીને **અગ્રતાક્રમ ૩** પર પ્રવેશ ઓફર થાય છે.

1. વિદ્યાર્થીને આ પ્રવેશ સ્વીકાર્ય છે પરંતુ તે હજુ પણ અગ્રતાક્રમ ૧ મેળવવા ઈચ્છે છે. તે અગ્રતાક્રમ ૩નો પ્રવેશ OTP દ્વારા કન્ફર્મ કરે છે, પરંતુ ડેશબોર્ડ પર ઓનલાઈન "**Consent**" આપવાનું *ભૂલી જાય છે.*
2. અગ્રતાક્રમ ૪, ૫ અને ૬ આપોઆપ નિષ્ક્રિય (Deactivated) થઈ જશે.
3. કન્સેન્ટ ન આપવાને કારણે, સિસ્ટમ તેની પસંદગીને **લોક (Freeze)** કરી દેશે. રાઉન્ડ ૨માં અગ્રતાક્રમ ૧ અને ૨માં બેઠકો ખાલી પડે તો પણ વિદ્યાર્થીને તે બેઠકો ઓફર કરવામાં આવશે **નહીં**. તેનો પ્રવેશ અગ્રતાક્રમ ૩ પર જ કાયમી ગણાશે.
4. પરંતુ જો ત્યારબાદના રાઉન્ડ ૩માં વિદ્યાર્થીને અગ્રતાક્રમ ૧ અને ૨ માં પ્રવેશ લેવો હોય તો તે ડેશબોર્ડ પર ઓનલાઈન "**Consent**" આપીને પ્રવેશ પ્રક્રિયામાં પુન: જોડાઈ શકે છે.

---

**સ્થિતિ ૩: વિદ્યાર્થી ઓફરના દિવસે મળેલ પ્રવેશનો અસ્વીકાર કરે છે.**

iv. **રાઉન્ડ ૧નું પરિણામ:** વિદ્યાર્થીને માત્ર **અગ્રતાક્રમ ૫** પર જ પ્રવેશ ઓફર થાય છે.

1. વિદ્યાર્થી હાલ આ પ્રવેશ કન્ફર્મ કરતો *નથી.* જોકે, અગ્રતાક્રમ ૧ થી ૪ માટેની પ્રવેશ પ્રક્રિયામાં ચાલુ રહેવા માટે, તે પોર્ટલ પર લોગ-ઈન કરી આગામી રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છે છે.
2. તે અગ્રતાક્રમ ૫ ની બેઠક પરનો હક ગુમાવે છે, પરંતુ રાઉન્ડ ૨માં સિસ્ટમ તેને અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૪ માટે મેરીટ મુજબ યોગ્ય રીતે ધ્યાને લેશે. જ્યારે અગ્રતાક્રમ ૬ આપોઆપ નિષ્ક્રિય (Deactivated) થઈ જશે.

3. GCAS પોર્ટલ પર દર્શાવેલ માહિતી અને અપલોડ કરેલ ડોક્યુમેન્ટ્સની સત્યતાની જવાબદારી માહિતી ભરનાર વિદ્યાર્થીની પોતાની છે. ખોટી માહિતી ભરવાથી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાથી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આથી વિદ્યાર્થીએ પોર્ટલ પર તમામ વિગતો ચીવટપૂર્વક ભરવી.
4. GCAS પોર્ટલ પર એકવાર બેઝિક માહિતી, શૈક્ષણિક માહિતી, પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટી વગેરેની વિગતો ભરી, ફોર્મ સબમિટ થઈ ગયા બાદ જો વિદ્યાર્થી આ માહિતીમાં કોઈ ફેરફાર કરવા માંગે તો તે ફેરફાર ફોર્મ ભરવાની અંતિમ તારીખ પહેલા કરી શકે છે, પરંતુ આવા કોઈ પણ ફેરફાર કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. વિદ્યાર્થી જે રાઉન્ડ દરમિયાન ફોર્મ સબમિટ કરશે તે રાઉન્ડના ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ સુધીમાં ફોર્મ અનલોક કરીને સુધારો કરી શકશે. પરંતુ આવા કોઈ પણ ફેરફાર કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. આવા વિદ્યાર્થીઓ આગામી રાઉન્ડ્સ દરમિયાન તેમના સબમિટ કરેલ ફોર્મમાં કોઈ સુધારો કરી શકશે નહિ.
5. જે વિદ્યાર્થીઓની માર્કશીટમાં માત્ર ગ્રેડ દર્શાવેલા હોય તેવા વિદ્યાર્થીઓએ સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટીની માર્કશીટની સાથે માર્ક્સ/ટકાવારી દર્શાવતું સર્ટિફિકેટ (Conversion Certificate) "Applicant's Attachment Details" પેજ પર માર્કશીટ સાથે જ સ્કેન કરીને એક જ ડોક્યુમેન્ટ તરીકે અપલોડ કરવું અનિવાર્ય છે. અન્યથા જે યુનિવર્સિટીઓ માર્ક્સ/ટકાવારીને આધારે મેરીટ બનાવીને પ્રવેશની ઓફર આપે છે તે યુનિવર્સિટી/કોલેજના નિયમાનુસાર વિદ્યાર્થીને પ્રવેશની ઓફર ન મળે તેમ થઇ શકે.
6. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન અરજી કરતી વખતે "Applicant's Preference Details" પેજ પર પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટી શોધવામાં કોઈ મુશ્કેલી જણાય તો તેઓ GCAS પોર્ટલના હોમપેજ https://GCAS.gujgov.edu.in/ પર આપેલ Know Your College (KYC) ટેબનો ઉપયોગ કરીને તેમની પસંદગીના પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટી શોધી શકે છે.
7. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવામાં જો કોઈ મુશ્કેલી જણાય તો પોર્ટલ પર દર્શાવેલ **ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરની રૂબરૂ મુલાકાત** લઈ મદદ મેળવી શકશે.
8. વિદ્યાર્થીઓની સરળતા માટે GCAS પોર્ટલ પર નવી **'AI એજન્ટ'** સુવિધા! વિદ્યાર્થીઓ હવે GCAS પોર્ટલ સાથે સંકળાયેલ સરકારી કે ખાનગી યુનિવર્સિટી કે તેમને સંલગ્ન કોઈપણ કોલેજની માહિતી, કટ-ઓફ અને અન્ય જરૂરી વિગતો કોલ કે

ચેટબોટ મારફતે તરત જ મેળવી શકે છે. ચેટબોટ માટે GCAS પોર્ટલની મુલાકાત લેવી તથા 'AI એજન્ટ' સાથે વાત કરીને માહિતી મેળવવા માટે **૦૯૧–૭૯૬૯૭૯૯૬૮૦** નંબર પર કોલ કરવો.

9. જે યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં વિદ્યાર્થીને પ્રવેશ મળતો હોય તે તેને સૌ પ્રથમ તેના લોગ–ઈનમાં ડેશબોર્ડ પર OTP મારફત પ્રવેશ કન્ફર્મ કરી ત્યારબાદ સંબંધિત યુનિવર્સિટી–કોલેજમાં રૂબરૂ જઈ વિદ્યાર્થીએ નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટી–કોલેજ ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે અને પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર આપવામાં આવેલ OTP યુનિવર્સિટી/કોલેજના સત્તાવાળાને આપી જે તે પ્રોગ્રામમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. જો વિદ્યાર્થી પ્રવેશની ઓફર મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં જે તે કોલેજમાં પોતાનો પ્રવેશ ઓનલાઈન પોર્ટલ પર અને રૂબરૂમાં કન્ફર્મ નહીં કરાવે તો સંબંધિત કોલેજમાં તેનો પ્રવેશ–અધિકાર રહેશે નહીં.
10. યુનિવર્સિટી/કોલેજમાં રિપોર્ટિંગ વખતે વિદ્યાર્થીએ પોતાના તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી કોલેજ/યુનિવર્સિટી ખાતે કરાવવાની રહેશે.
11. વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેટલા જ યુનિવર્સિટી–પ્રોગ્રામની પસંદગી કરવી. આવી પસંદગી કરતી વખતે સ્નાતક કક્ષામાં મેળવેલ ટકાવારી ખાસ ધ્યાને લેવી.
12. જે તે યુનિવર્સિટી/કોલેજની વેબસાઈટ પર તથા પોર્ટલ પર દર્શાવવામાં આવેલ જુદા જુદા પ્રોગ્રામ્સની લાયકાતના નિયમો જે સંબંધિત યુનિવર્સિટી–કોલેજો દ્વારા જાહેર કરવામાં આવેલ છે તે ધ્યાનમાં લઈને જ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી–પ્રોગ્રામ્સની પસંદગી કરવી.
13. GCAS પોર્ટલ મારફત એક જ અરજી દ્વારા વિદ્યાર્થી એક કરતાં વધુ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ પસંદ કરી શકશે. પરંતુ એક અરજી મારફત વિદ્યાર્થી કોઈપણ એક જ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.
14. જે પ્રોગ્રામ્સમાં ACPC, ACPDC, ACMPC કે અન્ય કોઈ કાઉન્સિલ દ્વારા પ્રવેશ નિર્ધારિત કરવામાં આવતા હોય તેવા પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા માટે GCAS પોર્ટલ મારફત અરજી કરવાની રહેતી નથી.
15. પ્રવેશની કાર્યવાહીને લગતી અન્ય બાબતો વખતો–વખત જાહેર કરવામાં આવશે. આથી વિદ્યાર્થીએ GCAS પોર્ટલની નિયમિત મુલાકાત લેવી.
16. કન્ફર્મ કરાવેલ પ્રવેશ કેન્સલ કરાવવા માટે વિદ્યાર્થી પોર્ટલ પર OTP દ્વારા કન્ફર્મ કરી પ્રવેશ કેન્સલ કરી શકશે. પ્રવેશ કેન્સલ કરાવનાર વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે તેમણે તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે સંબંધિત યુનિવર્સિટી–કોલેજ ખાતે જમા કરાવેલ ફી રિફંડની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નિયમાનુસાર કરવાની રહેશે. આ અન્વયે GCAS પોર્ટલની કોઈ ભૂમિકા રહેતી નથી.
17. **વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર ભરેલ રજિસ્ટ્રેશન ફી [બિનઅનામતના કિસ્સામાં રૂ.૩૦૦/– અને SC, ST, SEBC, અને EWS કેટેગરીના કિસ્સામાં રૂ.૧૫૦/– તથા PwBD – Person with Benchmark Disability (40% કે તેથી વધુ દિવ્યાંગતા)ના કિસ્સામાં રૂ.૧૫૦/–] રિફંડેબલ નથી. વધુમાં, વિદ્યાર્થીએ એ ખાસ ધ્યાન રાખવું કે રજિસ્ટ્રેશન વખતે વિદ્યાર્થીએ જે કોર્સ/પ્રોગ્રામ ટાઈપમાં અરજી કરી હશે તે પ્રવેશની પ્રક્રિયા દરમિયાન બદલી શકાશે નહિ, તેની ખાસ નોંધ લેવી.**
    a. જે વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં રેગ્યુલર મોડમાં અભ્યાસ કરવા ઈચ્છે છે તેમણે Post Graduate (Regular including PG Diploma) પસંદ કરવું.
    b. જે વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઓફર કરવામાં ડીસ્ટન્સ એજ્યુકેશન પ્રોગ્રામ્સમાં અભ્યાસ કરવા ઈચ્છે છે તેમણે Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL) પસંદ કરવું.

    ફોર્મ/પ્રોગ્રામ ટાઈપની વધુ વિગતો માટે નીચે આપેલ મહત્વની સૂચનાઓ ધ્યાનથી વાંચો.

18. વિદ્યાર્થીએ પ્રવેશને લગતી માહિતી સમયસર મળી શકે તે માટે તેમણે રજિસ્ટ્રેશન સમયે તેમનો પોતાનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપવા. પોર્ટલ તરફથી વિદ્યાર્થીને SMS/WhatsApp મેસેજ/ઈ–મેલ દ્વારા માહિતી પૂરી પાડવામાં આવશે. તેમ છતાં તેમણે પોર્ટલ નિયમિતપણે ચેક કરતા રહેવું જેથી કોઈ માહિતી ચૂકી ન જવાય.

******

## ⚠ IMPORTANT WARNING:

Please select your Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર very carefully. Choose only the exact program you wish to apply for. **Once a Program Type is selected and saved, it CANNOT be changed at a later stage.** Please also note that, registration fees once paid for respective Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર is not refundable. If you do not see the Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર you want to apply for, kindly call us on +91-7922880080 (GCAS Technical Helpline) on working days during 9.30 AM to 6.30 PM.

## ⚠ મહત્વની સૂચના:

કૃપા કરીને તમારો Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરો. જેમાં તમે પ્રવેશ મેળવવા માંગો છો તે જ વિકલ્પ પસંદ કરો. **એકવાર 'કોર્સ/પ્રોગ્રામ ટાઈપ' પસંદ કર્યા પછી, તેને પાછળથી બદલી શકાશે નહીં.** ખાસ ધ્યાન રાખો કે સંબંધિત Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર માટે ચૂકવેલ રજિસ્ટ્રેશન ફી પરત મળવાપાત્ર નથી (Non-refundable). તમે જેમાં અરજી કરવા માંગતા હોવ તે Program Type | કોર્સ/પ્રોગ્રામ પ્રકાર તમને જોવા ન મળે, તો કૃપા કરીને કામકાજના દિવસોમાં સવારે ૯:૩૦ થી સાંજના ૬:૩૦ દરમિયાન +91-7922880080 (GCAS ટેકનિકલ હેલ્પલાઈન) પર અમને કૉલ કરો.

1. **After 12th Standard (Undergraduate - UG) / ધોરણ ૧૨ પછી (અંડર ગ્રેજ્યુએટ – UG)**
   a. **Under Graduate (Regular):** Select this for all on-campus 3-year/4-year bachelor's degrees and 5-year Integrated programs. (Note: This includes Integrated B.Ed. and Integrated LL.B. programs). | યુનિવર્સિટી/કોલેજ પર ચાલતા (રેગ્યુલર મોડ) તમામ ૩–વર્ષ/૪–વર્ષના સ્નાતક (બેચલર) કોર્સ અને ૫–વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ માટે. (નોંધ: આમાં ઈન્ટિગ્રેટેડ B.Ed. અને ઈન્ટિગ્રેટેડ LL.B. નો સમાવેશ થાય છે).
   b. **Under Graduate (For BAOU - Distance Learning):** Select this for online or distance bachelor's programs offered only by Dr. Babasaheb Ambedkar Open University. (Does not include B.Ed.-ODL). | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા ઓફર થતા ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ સ્નાતક કોર્સ માટે. (B.Ed.-ODL સિવાય).
2. **After Graduation (Postgraduate - PG) / સ્નાતક (ગ્રેજ્યુએશન) પછી (પોસ્ટ ગ્રેજ્યુએટ – PG)**
   a. **Post Graduate (Regular including PG Diploma):** Select this for all on-campus 1-year/2-year master's degrees and PG diploma programs. | રેગ્યુલર મોડમાં ચાલતા તમામ ૧–વર્ષ કે ૨–વર્ષના માસ્ટર ડિગ્રી અને PG ડિપ્લોમા કોર્સ માટે.
   b. **Post Graduate (For BAOU - Distance Learning) (Excluding B.Ed. - ODL):** Select this for online or distance master's programs offered only by Dr. Babasaheb Ambedkar Open University. | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા ઓફર થતા ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ માસ્ટર કોર્સ માટે.
3. **Education & Law Programs / શિક્ષણ અને કાયદાના કોર્સ (Education & Law)**
   a. **B.Ed.:** For regular and Special B.Ed. programs. (If you are applying right after 12th for a 5-year Integrated B.Ed., select 'Under Graduate (Regular)' instead). Eligibility for admission is a relevant Undergraduate degree. | રેગ્યુલર B.Ed. અને સ્પેશિયલ B.Ed. માટે. (નોંધ: જો તમે ધોરણ ૧૨ પછી ૫–વર્ષીય ઈન્ટિગ્રેટેડ B.Ed. માટે અરજી કરી રહ્યા છો, તો આના બદલે 'Under Graduate (Regular)' પસંદ કરો). પ્રવેશ માટેની લાયકાત સંબંધિત સ્નાતક (Undergraduate) ડિગ્રી છે.
   b. **M.Ed.:** For regular M.Ed. programs. Eligibility for admission is B.Ed. | રેગ્યુલર M.Ed. કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત B.Ed. છે.

c. **LL.B. (UG Program after Graduation):** For the regular 3-year LL.B. done after graduation. (If you are applying right after 12th for a 5-year Integrated LL.B., select 'Under Graduate (Regular)' instead). Eligibility for admission is a relevant Undergraduate degree. | ગ્રેજ્યુએશન પછીના રેગ્યુલર ૩-વર્ષીય LL.B. કોર્સ માટે. (નોંધ: ધોરણ ૧૨ પછીના ૫-વર્ષીય ઇન્ટિગ્રેટેડ LL.B. માટે 'Under Graduate (Regular)' પસંદ કરો). પ્રવેશ માટેની લાયકાત સંબંધિત સ્નાતક (Undergraduate) ડિગ્રી છે.

d. **LL.M.:** For regular LL.M. programs. Eligibility for admission is LL.B. | રેગ્યુલર LL.M. કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત LL.B. છે.

4. **Nursing & Paramedical Programs / નર્સિંગ અને પેરામેડિકલ કોર્સ**

a. **Post-Basic B.Sc. (Nursing):** For Post-Basic B.Sc. (Nursing) programs. Eligibility for admission is ANM/GNM. | Post-Basic B.Sc. (Nursing) કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત ANM/GNM છે.

b. **M.Sc. (Nursing):** For M.Sc. (Nursing) programs. Eligibility for admission is B.Sc. (Nursing) or Post-Basic B.Sc. (Nursing). | M.Sc. (Nursing) કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત B.Sc. (Nursing) અથવા Post-Basic B.Sc. (Nursing) છે.

c. **MPT:** For Master of Physiotherapy programs. Eligibility for admission is BPT. | રેગ્યુલર માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત BPT છે.

d. **M.Opto.:** For Master of Optometry programs. Eligibility for admission is B.Opto. | રેગ્યુલર માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી કોર્સ માટે. પ્રવેશ માટેની લાયકાત B.Opto. છે.

5. **Specific University Programs (KSKVKU Bhuj Only) / માત્ર કચ્છ યુનિવર્સિટી (KSKVKU) ના કોર્સ**

a. **PG (PGDClinical) (Only for KSKVKU):** For the PGDClinical program offered at Krantiguru Shyamji Krishna Verma Kachchh University. | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી (ભુજ) ના રેગ્યુલર PGDClinical કોર્સ માટે.

b. **M.Sc. (Applied Geology) (Only for KSKVKU):** For the M.Sc. Applied Geology program offered at Krantiguru Shyamji Krishna Verma Kachchh University. | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી (ભુજ)ના રેગ્યુલર M.Sc. (Applied Geology) કોર્સ માટે.

**********